Child Protection
Government of Gujarat

# જીલ્લા બાળ સુરક્ષા એકમ – બનાસકાંઠા

સેવા સદન - ૨, બ્લોક નં.- ૩૪, ૩૫, જોરાવર પેલેસ કંપાઉન્ડ, પાલનપુર,
જી. બનાસકાંઠા, ફો. નંબર - ૦૨૭૪૨ ૨૫૧૮૦૦, E mail - dcpu-gscps-bk@gujarat.gov

નં.ડી.સી.પી.યુ. / બેંક એકાઉન્ટ/૨૦૨૦-૨૧/ ૧૧૧૭ થી ૧૧૧૮ તા. ૧૯/૧૦/૨૦૨૦

પ્રતિશ્રી,
(૧) જીલ્લા શિક્ષણાઅધિકારીશ્રી, બનાસકાંઠા
(૨) જીલ્લા પ્રાથમિક શિક્ષણા અધિકારીશ્રી, બનાસકાંઠા

વિષય :- પાલક માતા પિતા યોજનાના અમલીકરણની ઝુંબેશ અંતર્ગત લાભાર્થી બાળક અને તેના વાલીનું જોઇન્ટ બેંક ખાતુ ખોલવા બાબત.

સંદર્ભ :- જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, બનાસકાંઠા કચેરીના પત્ર ક્રમાંક નં. ડી/એમએજી/૨/વશી ૫૬૮૭-૫૭૩૨, તા. ૧૭/૧૦/૨૦૨૦ નો પત્ર

સાહેબશ્રી,

સવિનય જય ભારત સહ જણાવવાનુ કે ગુજરાત સરકારશ્રીની સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ અંતર્ગતના નિયામકશ્રી સમાજ સુરક્ષા ખાતા હસ્તકની પાલક માતા- પિતા યોજના અંતર્ગત ૦ થી ૧૮ વર્ષના ' બાળકના માતા – પિતા મૃત્યુ પામ્યા હોય અને બાળક અનાથ થયેલ હોય તેવા બાળકને અથવા બાળકના પિતાશ્ર મૃત્યુ પામ્યા હોય અને બાળકની માતાએ બીજે પુન : લગ્ન કરેલ હોય અને બાળક અનાથ થયેલ હોય ત્યારે આ બાળક તેના નજીકના સગા સબંધી પાસે રહીને અભ્યાસ કરતુ હોય તો જ આવા બાળકને પાલક માતા પિતા યોજના અંતર્ગત દર મહીને રૂ. ૩૦૦૦/- ની આર્થીક સહાય આપવામાં આવે છે.

જે અનુસંધાને સદરહુ મંજુર થયેલ લાભાર્થીને યોજનાનો લાભ લાભાર્થીના બેંક એકાઉન્ટમાં DBT મારફત મળે છે, જે લાભ લેવા લાભાર્થી બાળક અને તેના અરજદાર પાલક વાલી સાથેના જોઇન્ટ એકાઉન્ટ જરૂરી છે. ' અનુંસંધાને જરૂરી બેંક એકાઉન્ટ ખોલવામાં કોઇ મુશ્કેલી ન પડે તે માટે જીલ્લાની તમામ બેંકના મેનેજરશ્રીઓને જીલ્લ લીડ બેંક મેનેજરશ્રી મારફતે ઉપરોક્ત સંદર્ભ પત્રથી માન. કલેકટર સાહેબશ્રી, બનાસકાંઠા દ્વારા જણાવવામાં આવેલ . કે જ્યારે પણ પાલક માતા પિતા યોજનાનો લાભ લેવાના હેતુથી અરજદાર આપશ્રી પાસે આવે ત્યારે આપની કક્ષાએથ આ યોજનાના અરજદારશ્રીઓને ખાસ અગ્રીમતા આપી તાત્કાલીક બેંકમાં બાળક તથા તેના પાલક વાલી સાથેનું સંયુક્ત ખાતુ ખોલી આપવું. સંદર્ભ પત્ર આ સાથે સામેલ છે.

Scanned by CamScanner

તથા આ ઉપરાંત અમારા દ્વારા જીલ્લા લીડ બેંક મેનેજરશ્રી સાથે થયેલ રૂબરૂ મુલાકાતમાં જીલ્લા લીડ બેંક મેનેજરશ્રીના જણાવ્યા મુજબ જો સદર યોજનાના અમલીકરણ માટે તાલુકા મથકે કોઇ એક દિવસ નક્કી કરીને જો તમામ લાભાર્થીઓને બોલાવવામાં આવે તો જીલ્લા લીડ બેંક મેનેજરશ્રી દ્વારા બેંકના કર્મચારી મોકલીને એક જ દિવસે તમામ લાભાર્થીઓના બેંક એકાઉન્ટ ખોલવાની વ્યવસ્થા કરવામાં આવશે, આ માટે લાભાર્થીએ સાથે રાખવાના જરૂરી દસ્તાવેજોમાં (૧) બાળકનું આધાર કાર્ડ અસલ અને તેની એક ઝેરોક્ષ (૨) અરજદાર વાલીનું આધાર કાર્ડ અસલ અને તેની એક ઝેરોક્ષ (૩) બાળક અને વાલી બન્નેના ૨ – ૨ ફોટો ગ્રાફ સાથે લઇ જવાના રહેશે. તેવુ તેઓએ જણાવેલ છે.

તેથી જો કોઇ તાલુકામાં બેંક ખાતુ ખોલવામાં કોઇ મુશ્કેલી પડી રહી હોય અને આવા પ્રકારનું કેમ્પેઇનની જરૂરીયાત હોય તો તાલુકા કક્ષાએ જ્યાં લાભાર્થીઓ આવી શકે તેવું સ્થળ અને તારીખ નક્કી કરી અત્રેની કચેરીએ જાણ કરવામાં આવશે તો અત્રેની કચેરી દ્વારા જીલ્લા લીડ બેંક મેનેજરશ્રી સાથે સંકલન કરી કોઇ એક જ દિવસે તાલુકાના તમામ લાભાર્થીઓના બેંક એકાઉન્ટ ખોલાવવા માટેની વ્યવસ્થા કરવામાં આવશે.

આ સિવાય વ્યક્તિગત પણ પાલક માતા પિતા યોજનાના લાભ લેવાના હેતુથી બેંક એકાઉન્ટ ખોલવામાં કોઇ બેંક મેનેજરશ્રી દ્વારા (૧) બાળકનું આધાર કાર્ડ અસલ અને તેની એક ઝેરોક્ષ (૨) અરજદાર વાલીનું આધાર કાર્ડ અસલ અને તેની એક ઝેરોક્ષ (૩) બાળક અને વાલી બન્નેના ૨ – ૨ ફોટો ગ્રાફ સિવાય વધારાના કોઇ દસ્તાવેજોની માગણી કરીને જરૂરી સહકાર આપવામાં આવતો ન હોય તથા કોઇ મુશ્કેલી હોય તો તાલુકા અને ગ્રામ્ય કક્ષાએથી શિક્ષક અથવા અરજદાર પોતે નીચે જણાવેલ જીલ્લા લીડ બેંક મેનેજરશ્રીના મોબાઇલ નંબર પર સંપર્ક કરી શકે છે.

**<u>લીડ બેંક મેનેજરશ્રી – કલ્યાણભાઇ ઝાખડ</u>**

**<u>મો. ૯૯૨૫૦ ૪૨૫૮૩</u>**

ઉપરોક્ત જણાવ્યા મુજબની વિગતો પાલક માતા પિતા યોજનાના અમલીકરણ ઝુંબેશમાં જોડાયેલ તમામ આચાર્યશ્રી, શિક્ષકશ્રી તથા હોદ્દેદારોને આપ સાહેબશ્રીની કક્ષાએથી પહોચાડવા નમ્ર વિનંતી છે.

(સહી)

જીલ્લા બાળ સુરક્ષા અધિકારી

બનાસકાંઠા

ક્રમાંક:માવિ.૬/પરીપત્ર/૨૦૨૦/૨૬૬૨૬

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી

બનાસકાંઠા, પાલનપુર

તા. ૨૧/૧૦/૨૦૨૦

<u>નકલ રવાના જાણ તથા અમલ સારૂં.</u>

(સહી)

જિલ્લા શિક્ષણાધિકારી

બનાસકાંઠા, પાલનપુર

પ્રતિ,

આચાર્યશ્રી,

સરકારી,ગ્રાન્ટેડ, નોન-ગ્રાન્ટેડ મા. અને ઉ.મા. શાળાઓ તમામ,

જિ.બનાસકાંઠા

Scanned by CamScanner